*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website [www.vitragvani.com](http://www.vitragvani.com)

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to [info@vitragvani.com](mailto:info@vitragvani.com)

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

સંસારથી સંતૃપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક-માસિક

# આત્મ ધર્મ

दंसणमूलो धम्मो

વર્ષ ૧૪ મું
અંક ૫ મો
ફાગણ
વીર સં. ૨૪૮૩

૧૬૧

## ક્યાં ભવનાશક જૈનધર્મ ! અને ક્યાં અનંત ભવનો સંદેહ ? ?

જૈનધર્મ રાગનો રક્ષક નથી પણ રાગનો નાશ કરીને વીતરાગતાનો ઉત્પાદક છે, ભવનો નાશ કરીને મોક્ષને આપનાર છે. અનાદિના મિથ્યાત્વાદિનો નાશ કરીને સમ્યક્ત્વાદિ અપૂર્વ ભાવો પ્રગટે તેનું નામ જૈનધર્મ છે. ભવનું મથન કરી નાંખે,–ભવનો નાશ કરી નાંખે તે જ જૈનધર્મ છે. હજી તો અનંત ભવની શંકામાં જે પડયો હોય, અરે! ભવ્યપણામાં પણ જેને શંકા હોય–એવા જીવને તો જૈનધર્મની ગંધ પણ આવી નથી. આહા! જૈનધર્મ શું ચીજ છે તેની વાત લોકોએ યથાર્થ સાંભળી પણ નથી. એક ક્ષણ પણ જૈનધર્મ પ્રગટ કરે તો અનંતભવનો કટ થઈ જાય ને આત્મામાં મોક્ષની છાપ પડી જાય, મુક્તિની નિઃશંકતા થઈ જાય.–આવો જૈનધર્મ છે. આ જ જૈનધર્મની શ્રેષ્ઠતા છે, તેથી હે ભવ્ય જીવ! ભવના નાશ માટે તું આવા જૈનધર્મને ભાવ.

શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ

# શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

ઉપરોક્ત બોર્ડિંગ છેલ્લા ૫ વર્ષથી ચાલે છે. આ સંસ્થામાં, જૈનધર્મના વિદ્યાર્થીઓ, કે જેઓની ઉંમર, ૧૧ વર્ષ અને તેથી વધુ હોય, અને જેઓ, ગુજરાતી ૫મું ધોરણ કે તેથી ઉપરના ગુજરાતી કે અંગ્રેજી ધોરણોમાં અભ્યાસ કરતા હોય, તેમને દાખલ કરવામાં આવે છે.

માસિક લવાજમ પૂરી ફીના રૂા. ૨૫ તથા ઓછી ફીના રૂા. ૧૫ લેવામાં આવે છે.

અહીં મેટ્રીક ( એસ. એસ. સી. ) સુધીના અભ્યાસ માટે હાઈસ્કુલ છે.

સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓને, વ્યાવહારિક કેળવણી ઉપરાંત, ધાર્મિક અભ્યાસનો, તથા પૂજ્ય આધ્યાત્મિક સંત ‘ શ્રી કાનજી સ્વામી ’ ના વ્યાખ્યાન-શ્રવણનો, અપૂર્વ લાભ મળે તેમ છે.

અહીંની આબોહવા સૂકી, ખુશનુમા તથા આરોગ્યપ્રદ છે.

હાલ, સંસ્થાનું સ્વતંત્ર નવું, સુંદર, હવા ઉજાસ તથા સગવડતાવાળું મકાન બંધાઈ રહ્યું છે, જે ૩-૪ માસમાં પૂરું થશે.

સંસ્થાનું નવું સત્ર ( ટર્મ ) તા. ૧૫ મી જુન આસપાસ શરૂ થાય છે.

સંસ્થામાં નિશ્ચિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને દાખલ કરવાના છે.

તો જે વિદ્યાર્થીઓને દાખલ થવા ઈચ્છા હોય તેમણે ઉપરના સરનામે રૂા. ૦-૨-૦ ની પોષ્ટની ટીકીટો બીડી સંસ્થાના પ્રવેશપત્ર તથા ધારાધોરણ અને નિયમો તા. ૩૦-૪-૫૭ સુધીમાં મંગાવી ભરી તા. ૨૦-૫-૫૭ સુધીમાં પરત મોકલી આપવાં.

લી. મંત્રીઓ
**શ્રી જૈન વિદ્યાર્થીગૃહ**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

## આત્મધર્મના ગ્રાહકોને

આ “ આત્મધર્મ ” નું પ્રકાશન આનંદ પ્રેસ-ભાવનગરથી થાય છે. અત્યાર સુધી તેનું પ્રકાશન વલ્લભવિદ્યાનગરથી થતું તેને બદલે હવેથી ભાવનગરથી થશે અને વ્યવસ્થા પણ ત્યાંથી થશે; માટે વ્યવસ્થા બાબતનો પત્રવ્યવહાર હવેથી નીચેના સરનામે કરવો :-

**આનંદ પ્રેસ - ભાવનગર**

## જ્ઞાન દીવડા

જ્ઞાનને અંતર્મુખ કરીને આત્મામાં જેણે પ્રકાશ કર્યો.......જ્ઞાનના દીવડાથી આત્માને પ્રકાશિત કર્યો તે જીવ ખરેખર ‘ ધર્મ-દીવાકર ’ છે- તે જ ‘ જ્ઞાનદીવાકર ’ છે; તેને આત્માના અસંખ્ય પ્રદેશે જ્ઞાનદીવડા પ્રગટી ગયા છે અને અજ્ઞાન-અંધકારનો નાશ થઈ ગયો છે. હજી તો જેને જ્ઞાનપ્રકાશી આત્માનું ભાન પણ નથી, આત્મામાં જ્ઞાનદીવડો પ્રગટાવ્યો નથી ને અજ્ઞાનનું અંધારું ટાળ્યું નથી તે ‘ ધર્મદીવાકર ’ શેનો ? ચિદાનંદતત્ત્વમાં સમ્યક્શ્રદ્ધાની ચીનગારીવડે જેમણે અતીન્દ્રિય જ્ઞાનથી ઝગમગતા દીવડા પ્રગટાવ્યા એવા ધર્માત્મા જ ખરેખરા ધર્મદીવાકર છે.

## રજીસ્ટ્રેશન ઓફ ન્યુસ પેપર્સ ( સેન્ટ્રલ )રૂલ્સ ૧૯૫૬ ’નાઅન્વયે

**“ આત્મધર્મ ”** સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧ પ્રસિદ્ધિ સ્થળ -આનંદ પ્રેસ, ભાવનગર

૨ પ્રસિદ્ધિ ક્રમ- દરેક મહિનાની વદ તેરસ

૩ મુદ્રકનું નામ- શ્રી હરિલાલ દેવચંદ શેઠ
કયા દેશના - ભારતીય
ઠેકાણું-આનંદ પ્રીન્ટીંગ પ્રેસ-ભાવનગર

૪ પ્રકાશકનું નામ- શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ વતી હરિલાલ દેવચંદ શેઠ-ભાવનગર
કયા દેશના- ભારતીય
ઠેકાણું - આનંદ પ્રેસ-ભાવનગર

૫ તંત્રીનું નામ-રામજી માણેકચંદ દોશી
કયા દેશના-ભારતીય
ઠેકાણું-જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

૬ સામયિકના માલિકનું નામ-
જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ-સોનગઢ

અમે આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

**તા. ૨૦-૪-૫૭ સહી**
**રામજી માણેકચંદ દોશી**

# આત્મધર્મ

| વર્ષ ચૌદમું | : સમ્પાદક : | ફાગણ |
|---|---|---|
| અંક પાંચમો | રામજી માણેકચંદ દોશી | સં.૨૦૧૩ |

## જ્યાં દોષ થાય છે ત્યાં જ ગુણ ભર્યા છે.

જ્યાં દોષ થાય છે ત્યાં જ ગુણ ભર્યા છે.
જ્યાં અલ્પજ્ઞતા છે ત્યાં જ સર્વજ્ઞતાનું સામર્થ્ય પડયું છે.
જ્યાં દુઃખ થાય છે ત્યાં જ ત્રિકાળ સુખ ગુણ રહેલો છે.
જ્યાં ક્રોધ થાય છે ત્યાં જ ત્રિકાળી ક્ષમાગુણ ભરેલો છે.

–આ રીતે ‘ક્ષણિક દોષ’ અને ‘ત્રિકાળી ગુણ’ બંને એક સાથે વર્તી રહ્યા છે, તેમાં ગુણસ્વભાવને ઓળખીને તેનું અવલંબન લેતાં દોષ ટળી જાય છે ને ગુણની નિર્દોષ દશા પ્રગટે છે.

આત્માની ક્ષણિક હાલતમાં દોષ થતાં અજ્ઞાનીને તો પોતાનો આખોય આત્મા જ દોષસ્વરૂપ ભાસે છે, પણ તે જ વખતે આત્માનો સ્વભાવ ગુણથી ભરેલો છે, તે તેને ભાસતો નથી,–દોષથી જરાય ભિન્નતા ભાસતી નથી, એટલે તે દોષને ટાળી શકતો નથી. જ્ઞાની તો ક્ષણિક દોષ વખતે પણ પોતાના ત્રિકાળી ગુણસ્વભાવને દોષથી ભિન્ન જાણતા થકા, ગુણના જોરે દોષનો નાશ કરી નાંખે છે.

# બે ભાઈ [ શાંતિની શોધમાં ]

*

જેણે પોતાના આત્માનું હિત કરવું હોય તેને પહેલાં અંદરમાં ખટક જાગવી જોઈએ કે અરે! મારા આત્માને કઈ રીતે શાંતિ થાય? મારા આત્માને કોણ શરણરૂપ છે!! સંતો કહે છે કે આ દેહ કે રાગ કોઈ તારું શરણ નથી; પ્રભો! અંદર એક સમયમાં જ્ઞાનાનંદથી પરિપૂર્ણ ભરેલો તારો આત્મા જ તને શરણ છે; તેને ઓળખ, ભાઈ!

બે સગા ભાઈ હોય, બેય નરકમાં એક સાથે હોય, એક સમકિતી હોય ને બીજો મિથ્યાદ્રષ્ટિ હોય. ત્યાં સમકિતીને તો નરકની ઘોર પ્રતિકૂળતામાં પણ ચૈતન્યના આનંદનું અંશે વેદન પણ સાથે વર્તી રહ્યું છે....ને મિથ્યાદ્રષ્ટિ એકલા સંયોગોની સામે જોઈને દુઃખની વેદનામાં તરફડે છે...તેના ભાઈને પૂછે છે કે, **'અરે ભાઈ! કોઈ શરણ!! આ ઘોર દુઃખમાં કોઈ સહાયક!! ..... કોઈ આ વેદનાથી છોડાવનાર!!! હાય આ અસહ્ય વેદનાથી કોઈ બચાવનાર!!!' ત્યાં સમકિતી ભાઈ કહે છે કે-અરે બંધુ! કોઈ સહાયક નથી; અંદરમાં ભગવાન ચૈતન્ય જ આનંદથી ભરેલો છે તેની ભાવના જ આ દુઃખથી બચાવનાર છે;** ચૈતન્યની ભાવના વિના બીજું કોઈ દુઃખથી બચાવનાર નથી, બીજું કોઈ સહાયક નથી. આ દેહ, ને આ પ્રતિકૂળ સંયોગો એ બધાયથી પાર ચૈતન્યસ્વરૂપી આત્મા છે,–આવા ભેદજ્ઞાનની ભાવના સિવાય જગતમાં બીજું કોઈ દુઃખથી બચાવનાર નથી. કોઈ શરણ નથી; માટે ભાઈ! **એક વાર સંયોગને ભૂલી જા....ને અંદર ચૈતન્ય તત્ત્વ આનંદસ્વરૂપ છે તેની સન્મુખ જો. તે એક જ શરણ છે.** પૂર્વે આત્માની દરકાર કરી નહિ ને પાપ કરતાં પાછું વાળીને જોયું નહિ તેથી આ નરકમાં અવતાર થયો....હવે તો આ જ સ્થિતિમાં હજારો વર્ષનું આયુષ્ય પૂરું કર્યે છૂટકો....**સંયોગ નહિ ફરે, તારું લક્ષ ફેરવી નાંખ!** સંયોગથી આત્મા જુદો છે તેના ઉપર લક્ષ કર. સંયોગમાં તારું દુઃખ નથી; તારા આનંદને ભૂલીને તેં જ મોહથી દુઃખ ઊભું કર્યું છે, માટે એક વાર સંયોગને અને આત્માને ભિન્ન જાણીને, સંયોગની ભાવના છોડ ને ચૈતન્યમૂર્તિ આત્માની ભાવના કર. હું તો જ્ઞાનમૂર્તિ–આનંદમૂર્તિ છું. આ સંયોગ અને આ દુઃખ બંનેથી મારો આત્મસ્વભાવ જુદો, જ્ઞાનઆનંદની મૂર્તિ છે,–આમ આત્માનો નિર્ણય કરીને તેની ભાવના કરવી તે જ દુઃખના નાશનો ઉપાય છે. **ચૈતન્યની ભાવનામાં દુઃખ કદી પ્રવેશી શકતું નથી. 'જ્યાં દુઃખ કદી ન પ્રવેશી શકતું ત્યાં નિવાસ જ રાખીએ...'** ચૈતન્યસ્વરૂપ આત્માની ભાવનામાં આનંદનું વેદન છે, તેમાં દુઃખનો પ્રવેશ નથી....એવા ચૈતન્યમાં એકાગ્ર થઈને નિવાસ કરવો તે જ દુઃખથી છૂટકારાનો ઉપાય છે. કષાયોથી સંતપ્ત આત્માને પોતાના શુદ્ધ સ્વરૂપનું ચિંતન જ તેનાથી છૂટવાનો ઉપાય છે; માટે હે બંધુ! સ્વસ્થ થઈને તારા આત્માની ભાવના કર.....તેના ચિંતનથી તારા દુઃખો ક્ષણ માત્રમાં શાંત થઈ જશે.

ધર્મી જાણે છે કે અહો! મારા ચૈતન્યની છાયા એવી શાંત–શીતળ છે કે તેમાં મોહ–સૂર્યનાં સંતપ્ત કિરણો પ્રવેશી શકતાં નથી, કોઈ સંયોગો પણ તેમાં પ્રવેશી શકતા નથી; માટે મોહજનિત વિભાવોના આતાપથી બચવા હું મારા ચૈતન્ય તત્ત્વની શાંત....ઉપશાંત....આનંદ ઝરતી છાયામાં જ જાઉં છું....મારા ચૈતન્યસ્વભાવની જ ભાવના કરું છું.

( –સમાધિશતક ગા. ૩૯ ઉપર પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી )

# પૂ. ગુરુદેવનો મંગલ-પ્રવાસ

**ઘણા ઉલ્લાસપૂર્વક શાશ્વત તીર્થધામોની યાત્રા**



પરમપૂજ્ય ગુરુદેવ પવિત્ર તીર્થધામોની યાત્રા કરતા કરતા અને જૈનધર્મની મહાન પ્રભાવના કરતા કરતા સંઘસહિત વિચરી રહ્યા છે. પૂ. ગુરુદેવની સાથે આનંદ-મંગલ અને ઉલ્લાસપૂર્વક સંઘ વિચરી રહ્યો છે. મહાન તીર્થધામોની યાત્રા કરતાં પૂ. ગુરુદેવને ઘણી પ્રસન્નતા થઈ છે ને તેઓશ્રી વારંવાર ભક્તિભર્યા ઉદ્‌ગારો કાઢે છે.

**: લેખાંક - ૩ :**

**બનારસ-કાશી**

અનંત તીર્થંકરોના જન્મધામથી પાવન થયેલી શાશ્વતી અયોધ્યાનગરીની યાત્રા કરીને, તા. ૨૨-૨-૫૭ ના રોજ પૂ. ગુરુદેવ બનારસ (કાશી) પધાર્યા. બનારસ તે શ્રી પાર્શ્વનાથ-સુપાર્શ્વનાથ વગેરે ભગવંતોનું જન્મધામ છે. અહીં જૈનોના ૨૫-૩૦ જ ઘર છે. ગુરુદેવ પધારતાં પં. કૈલાસચંદ્રજી સિદ્ધાંતશાસ્ત્રી, પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી, પ્રો. ખુશાલચંદ્રજી વગેરે વિદ્વાન ભાઈઓએ

પ્રેમપૂર્વક સ્વાગત કર્યું હતું, તેમજ સંઘને ઉતરવા વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી.

### સિંહપુરી-ચંદ્રપુરી

બપોરે પૂ. ગુરુદેવ સંઘસહિત સિંહપુરી–ચંદ્રપુરીના દર્શને પધાર્યા. સિંહપુરી શ્રેયાંસનાથ ભગવાનની જન્મભૂમિ બનારસથી આઠ માઈલ દૂર છે; અને ચંદ્રપુરી તે ચંદ્રનાથ ભગવાનની જન્મભૂમિ બનારસથી ૧૪ માઈલ દૂર ગંગાકિનારે આવેલું છે. ગંગાકિનારે ચંદ્રપુરી–જન્મધામનું દશ્ય પ્રસન્નતા ઉપજાવે તેવું છે....ત્યાં ચંદ્રપ્રભુ ભગવાનના પ્રતિમાજી તેમજ ચરણકમળ બિરાજે છે. ત્યાં દર્શન–પૂજન કરીને સૌ સિંહપુરી આવ્યા...શ્રેયાંસનાથ ભગવાનના આ જન્મધામમાં પ્રવેશતાં જ હૃદયમાં શાંતિના શેરડા પડે છે. અહા ! શું એ શાંતિનું ધામ !! અહીં બૌદ્ધોના સારનાથ–સ્તંભની સામે જ શ્રેયાંસનાથ પ્રભુનું સુંદર મંદિર છે, ને શ્રેયાંસનાથ ભગવાનના શાંત ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે. ત્યાં ગુરુદેવ સાથે સૌએ અર્ઘ ચડાવીને ભક્તિ કરી.....પૂ. બેનશ્રીબેને ઘણા ઉલ્લાસથી ભગવાનના જન્મની વધાઈ ગવડાવી હતી. ત્યાં દર્શન કરીને સાંજે પાછા બનારસ આવ્યા.


### રત્નપ્રતિમા

તા. ૨૩ મી એ સવારમાં પૂ. ગુરુદેવ રત્નના પ્રતિમાજીના દર્શન કરવા પધાર્યા. પાર્શ્વનાથ પ્રભુના રત્નના નાનકડા સુંદર પ્રતિમાજી છે તે હાથમાં લઈને ગુરુદેવે નીહાળ્યા, ને ભાવથી અર્ઘ ચડાવ્યો....ત્યારબાદ બીજા મંદિરોના પણ દર્શન કર્યા.

પૂ. ગુરુદેવનું પ્રવચન ટાઉનહોલમાં હતું. પ્રવચનમાં તેમજ રાત્રિચર્ચામાં વિદ્વાનોએ તેમજ જનતાએ ઘણા પ્રેમથી લાભ લીધો હતો.

### પાર્શ્વનાથ જન્મધામમાં

પ્રવચન બાદ, ભેલુપુરમાં પાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ છે ત્યાં સૌ દર્શન કરવા ગયા. અહીં ત્રણ મંદિર



શ્રી શ્રેયાંસનાથ ભગવંતની કલ્યાણકભૂમિ **સિંહપુરીતીર્થ**

છે. તેમાં બે દિ. મંદિર છે; અને ત્રીજાું મંદિર શ્વે. દિ. નું ભેગું છે, તેમાં બંનેના પ્રતિમાજી અલગ અલગ બિરાજે છે. અહીં પાર્શ્વનાથ ભગવાનની ભક્તિ તથા ધૂન થઈ હતી.

### ગંગાકિનારે સુપાર્શ્વ જન્મધામમાં -અને- સ્યાદ્વાદ મહાવિદ્યાલયમાં

કાશીમાં ગંગા કિનારે દિ. જૈન સ્યાદ્વાદ મહાવિદ્યાલય આવેલું છે. ત્યાંના આમંત્રણથી પૂ. ગુરુદેવ બપોરે સંઘસહિત ત્યાં પધાર્યા; અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ પ્રેમભર્યું સ્વાગત કર્યું અને ગુરુદેવની છાયામાં વિદ્યાલયનું વાર્ષિક સંમેલન થયું......અહીં બે જિનમંદિરો છે. ને સુપાર્શ્વનાથ ભગવાનની જન્મભૂમિ પણ અહીં છે. આ સ્થાન ગંગાકિનારે જ છે, ને ગંગાના પાણી જાણે કે ભગવાનનો અભિષેક કરતા હોય તેમ તેને ઘસાઈને જ વહી રહ્યા છે. અહીંનું દ્રશ્ય બહુ રમણીય છે. અહીં ઘણી ઉમંગભરી ભક્તિ થઈ. ભગવાનના જન્મધામનું ખાસ સ્તવન પૂ. બેનશ્રીબેને બનાવેલું તે અહીં ગવડાવ્યું. ભક્તિ પ્રસંગે ગુરુદેવ પણ વિશેષ આનંદિત હતા....સંતોની સાથે આ જન્મધામના દર્શનથી સૌ ભક્તોને ઘણો આનંદ થયો. સ્યાદ્વાદ વિદ્યાલયમાં પૂ. ગુરુદેવનું સુંદર પ્રવચન થયું... ગંગાકિનારે ગુરુદેવે અધ્યાત્મગંગાનો પ્રવાહ વહેવડાવ્યો.

### સન્મતિ-નિકેતનમાં

ત્યારબાદ ગુરુદેવ ‘સન્મતિ–નિકેતન’ (વિદ્યાલય) માં પધાર્યા. ત્યાં પ્રો. ખુશાલચંદ્રજી વગેરેએ તથા વિદ્યાર્થીઓએ સ્નેહભર્યું સન્માન કર્યું. ત્યાં મંગલ–પ્રવચન સંભળાવીને બાજાુમાં હુકમીચંદજી શેઠના જિનમંદિરે દર્શન કર્યા. આ મંદિરમાં મહાવીર ભગવાનના મોટા ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે.

### ડાલમિયા નગરમાં ભવ્ય સન્માન

તા. ૨૪મીએ બપોરે સંઘસહિત પૂ. ગુરુદેવ બનારસથી ડાલમિયા–નગર તરફ પધાર્યા....યાત્રાના પ્રવાસ દરમીયાન વચ્ચે વચ્ચે રસ્તામાં વનજંગલમાં ગુરુદેવની સાથે થઈ જતા ત્યારે ભક્તજનોને વિશેષ હર્ષ થતો.

લગભગ ચાર વાગે ડાલમિયાનગર પહોંચ્યા....અહીં ગુરુદેવની અને સંઘની બધી વ્યવસ્થા શેઠશ્રી શાંતિપ્રસાદજી શાહુએ ઘણા પ્રેમપૂર્વક કરી હતી. અહીં એક જિનમંદિર છે તેમાં મહાવીર ભગવાનના ભાવવાહી પ્રતિમાજી બિરાજે છે ત્યાં રાત્રે ભક્તિ થઈ હતી. ભક્તિ ઘણા ઉલ્લાસપૂર્વક થઈ હતી.

તા. ૨૫ મીએ સવારે ગુરુદેવના સન્માનનો સમારંભ થયો હતો. તેમાં અનેક વિદ્વાનોએ ભાષણ અને કાવ્યો દ્વારા ગુરુદેવને અભિનંદન આપ્યા હતા. પં. અયોધ્યાપ્રસાદજી ગોયલીયના હાથે ગુરુદેવને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રીમતી રમાદેવી શેઠાણીએ તથા શેઠ શાંતિપ્રસાદજી શાહુએ ભક્તિપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે શેઠજીએ કહ્યું હતું કે–“અમારું પરમ સૌભાગ્ય છે કે પૂ. સ્વામીજી અમારા આંગણે સંઘસહિત પધાર્યા છે ને અમને તેમના સ્વાગતનું સૌભાગ્ય મળ્યું છે. હું આ શ્રદ્ધાંજલિ અર્પણ કરીને પૂ. સ્વામીજીનું અને સંઘનું સ્વાગત–સન્માન કરું છું.” ત્યારબાદ ડાલમિયા નગરની જૈન સમાજ તેમજ સારી જનતા તરફથી એક શ્રદ્ધાંજલિ ભેટ કરવામાં આવી હતી; તેમજ શ્લોકવાર્તિક વગેરે શાસ્ત્રો ગુરુદેવને ભેટ આપ્યા હતા.

પ્રવચન બાદ, અહીં વિશાળ પાયા ઉપર શેઠના ઔદ્યોગિક કારખાનાઓ (સીમેન્ટ ફેકટરી, સ્યુગર ફેકટરી, પેપર મીલ્સ વગેરે) ચાલે છે તે બતાવવા માટે શેઠજી સૌને તેડી ગયા હતા. સંઘના ભોજનાદિની પણ સુંદર વ્યવસ્થા શેઠ શાંતિપ્રસાદજી શાહુ તરફથી કરવામાં આવી હતી. ગુરુદેવ પ્રત્યે તેમણે ઘણો પ્રેમ અને ભક્તિભાવ દર્શાવ્યો હતો.

સંઘ બપોરે અહીંથી રવાના થઈને રાત્રે આરા પહોંચી ગયો.

### આરા (જૈનપુરી) માં જિનેન્દ્ર દર્શન

પૂ. ગુરુદેવ તા. ૨૬ ના રોજ સવારે આરા શહેર પધાર્યા. સંઘે અને આરાના દિ. જૈન સમાજે ઉલ્લાસથી ગુરુદેવનું સ્વાગત કર્યું. આરાને જૈનપુરી કહેવામાં આવે છે. અહીં લગભગ ૪૦ જિનમંદિરો છે. માંગલિક સંભળાવ્યા બાદ ગુરુદેવ જિનમંદિરોના દર્શન કરવા પધાર્યા....ભક્તજનો પણ આનંદથી ભક્તિની ધૂન ગાતાં ગાતાં

ગુરુદેવ સાથે દર્શન કરતા હતા.....તે વખતે અસલ જાત્રાનું વાતાવરણ બની ગયું હતું. એક ઠેકાણે જલમંદિર જેવું મંદિર આવ્યું, ત્યાં પૂલ ઉપરથી પસાર થતાં થતાં ભક્તો ગાતા હતા કે–

**હિલમિલ કર સબ ભક્તો ચાલો...**
**ગુરુવરજીકી સાથમેં**
**જિનમંદિરના દર્શન કરીએ.........**
**ગુરુજીકી સાથમેં**

**નંદીશ્વર-મંદિરના દર્શન**

આગળ જતાં નંદીશ્વર–મંદિર આવ્યું.... અહીં નંદીશ્વરના બાવન જિનમંદિરોની બહુ સરસ રચના છે; તેના દર્શનથી પૂ. ગુરુદેવ અને સૌ ભક્તજનો બહુ પ્રસન્ન થયા. ગુરુદેવ તો કહે કે–"જુઓ આ નંદીશ્વરની રચના, ધ્યાન રાખીને જોઈ લેજો....આપણે સોનગઢમાં કરવું હોય તો કામ આવે." આ નંદીશ્વરની રચના જોતાં જ ભક્તો ધૂન ગાવા માંડયાં–

**હિલમિલ કર સબ ભક્તો ચાલો.....**
**નંદીશ્વરકે ધામમેં**
**નંદીશ્વરકે ધામમેં....નંદી....નંદી.....**
**હાં ગુરુજીકી સાથમેં**

–ગુરુદેવ આ નંદીશ્વરધામનું અવલોકન કરતા કરતા તેની પ્રદક્ષિણા કરતા હતા ને ભક્તજનો પણ ધૂન ગાતાં ગાતાં ગુરુદેવની સાથે પ્રદક્ષિણા કરતા હતા...પ્રદક્ષિણા બાદ આનંદથી દર્શન કરીને સૌએ અર્ઘ ચડાવ્યો. બીજા એક જિનમંદિરમાં શ્રી સમ્મેદશિખરજી ધામની સરસ રચના હતી; ત્યાં પણ દર્શન કર્યા. અનેક જિનમંદિરોના દર્શન કરીને પૂ. ગુરુદેવ બ્ર. ચંદાબાઈના જૈન બાલાશ્રમમાં પધાર્યા. અહીં ગુરુદેવનો ઉતારો હતો.

બપોરે, શાંતિનાથ ભગવાનનું મોટું મંદિર છે ત્યાં પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું. પ્રવચનમાં અહીંની જનતાએ ઘણા પ્રેમથી લાભ લીધો હતો......

**બાહુબલી ભગવાન**

બાલાશ્રમમાં શ્રી બાહુબલી ભગવાનના ઘણા સુંદર ભાવવાહી પ્રતિમાજી (લગભગ ૧૫ ફૂટ ઊંચા) બિરાજે છે. તેની સન્મુખ એક સુંદર માનસ્તંભ છે. આ માનસ્તંભમાં નીચે, વચ્ચે અને ઊંચે–એમ ત્રણ સ્થળે પ્રતિમાજી છે. એક તરફ બાહુબલી ભગવાન અને તેની સામે માનસ્તંભમાં શ્રી આદિનાથ ભગવાન,–એ રીતે પિતા–પુત્ર એકબીજાની સન્મુખ બહુ શોભી રહ્યા છે. પ્રવચન બાદ ગુરુદેવ બાહુબલીની ભક્તિ કરવા પધાર્યા હતા....

**ધન્ય મુનિશ્વર આતમહિતમેં**
**છોડ દિયા પરિવાર........**
**કિ તુમને છોડા સબ ઘરબાર....**
**ધન છોડા, વૈભવ સબ છોડા,**
**સમઝા જગત અસાર......**
**કિ તુમને છોડ દિયા સંસાર......**

–ઇત્યાદિ વૈરાગ્યભરેલી ભક્તિઓ થઈ હતી.....બાહુબલી ભગવાનની મુદ્રા ખૂબ જ ભાવવાહી છે...દર્શન કરતાં એ મુદ્રાને વારંવાર નીહાળ્યા કરવાનું મન થાય છે. અહીં ભક્તજનોએ બાહુબલી ભગવાનનો મસ્તકાભિષેક પણ ઘણા ભક્તિભાવથી કર્યો હતો.


**બાલાશ્રમમાં સન્માન-સમારંભ**

સાંજે બાલાશ્રમની બહેનો તરફથી ગુરુદેવના સન્માન અને અભિનંદનનો મેળાવડો થયો હતો. તેમાં બ્ર. પં. ચંદાબાઈ તેમજ આશ્રમની બહેનો ઉપસ્થિત હતા; શરૂઆતમાં આશ્રમની બાળાઓએ સ્વાગતગીત ગાયા.... ત્યારબાદ પુષ્પમાળા અર્પણ કરી...બ્ર. ચંદાબાઈએ પણ ગુરુદેવ પ્રત્યે ઘણો ભાવ બતાવ્યો હતો અને ગુરુદેવ અહીં પધારવાથી તેઓ ઘણા ખુશી થયા હતા. આ પ્રસંગે ગુરુદેવે સોનગઢના બ્ર. આશ્રમ વગેરે સંબંધી કેટલોક ખાસ પરિચય આપ્યો હતો....ગુરુદેવના મુખેથી એ પરિચય સાંભળીને બ્ર. ચંદાબાઈ વગેરે ખુશી થયા હતા, ને તેમણે પૂ. બેનશ્રીબેનનું પણ સન્માન કર્યું હતું.

ગુરુદેવે સાંજે બાલાશ્રમની સામેના જિનમંદિરોના દર્શન કર્યા હતા.

**અભિનંદન પત્ર**

રાત્રે ચર્ચા બાદ પૂ. ગુરુદેવને અહીંના સંઘ તરફથી અભિનંદન પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું...ને સૌ જનતાએ ગુરુદેવ પ્રત્યે હાર્દિક સ્નેહ વ્યક્ત કર્યો હતો.



પરમપૂનિત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજી

અભિનંદન પત્ર અર્પણ કરતી વખતે શેઠ સુબોધકુમારજીએ કહ્યું હતું કે–"પૂ. મહારાજશ્રી અહીં પધાર્યા તે અમારાં સૌભાગ્ય છે; તેમનું પ્રવચન સાંભળતાં આત્માનો વિષય જે જટીલ લાગતો હતો તે અમને સુગમ થઈ ગયો. સ્વામીજી પધારતાં અમારો ટાઈમ કયાં ચાલ્યો ગયો તે અમને ખબર ન પડી. સ્વામીજી અહીં વધારે ટાઈમ રહે એવી અમારી હાર્દિક અભિલાષા છે."

**પટના-સુદર્શનમોક્ષધામ**

(તા. ૨૭) સવારમાં બાહુબલી ભગવાનના દર્શન કરીને ગુરુદેવ પટના તરફ પધાર્યા. અમદાવાદ મુંબઈથી સ્પેશીઅલ ટ્રેઈન દ્વારા રવાન થયેલ સંઘ પણ અહીં પટણા આવી ગયો. ગુલઝારીબાગ જિનમંદિરમાં દર્શન કરીને ગુરુદેવે હીરા–માણેકનો અર્ઘ ચડાવ્યો. ત્યારબાદ થોડે દૂર શ્રી સુદર્શન (શેઠ) મુનિરાજની મોક્ષભૂમિ છે તેનાં દર્શન કરવા પધાર્યા. સૌ ભક્તજનો પણ ભક્તિ ગાતાં ગાતાં ગુરુદેવની સાથે ચાલ્યા. નિર્વાણભૂમિમાં શ્રી સુદર્શન–ભગવાનના ચરણકમળ છે ત્યાં જઈને એ દઢ બ્રહ્મચારી વૈરાગ્યવંત સંતના ચરણની પૂજા કરી.....પૂજન બાદ ઘણી ભક્તિ થઈ.

**આવો આવોજી..... હાં....હાં.....**
**આવો આવોજી..... જૈન જગ સારે,**
**સુદર્શન મુનિ મોક્ષ ગયે.....**
**ધન્ય ધન્ય 'વણિકકુલભૂષણ'**
**દઢ બ્રહ્મચારી નેતા.............**

– ઇત્યાદિ સ્તવનો ગવાયા હતા.

**રાજગીરી ધામમાં**

બપોરે પટનાથી રવાના થઈને સંઘ રાજગીરી પહોંચી ગયો....સાંજે પાંચ વાગે ગુરુદેવ પધારતાં સૌએ ઉમંગપૂર્વક સ્વાગત કર્યું. રાત્રે જિનમંદિરમાં ઘણી ઉમંગભરી ભક્તિ થઈ હતી; તેમાં ગુરુદેવે સમવસરણનું સ્તવન ગવડાવ્યું હતું.

**પંચશૈલપુરની યાત્રાએ**

તા. ૨૮ (મહા વદ ૧૪) ના રોજ સવારમાં સંઘસહિત ગુરુદેવ પંચશૈલપુર તીર્થની યાત્રાએ પધાર્યા. આ પંચશૈલપુર (પંચ પહાડી) તીર્થનું વર્ણન અને મહિમા શ્રી ષટ્ખંડાગમ–ધવલા જેવા શાસ્ત્રોમાં પણ આવે છે. અહીં પાંચ સુંદર રળિયામણાં પર્વતો છે; તેમાં

વિપુલાચલ પર્વત ઉપર ભગવાન મહાવીર પ્રભુની પહેલવહેલી દેશના થઈ હતી, ગૌતમસ્વામી અહીં જ ગણધરપદ પામ્યા હતા અને અહીં જ બારઅંગની રચના કરી હતી. તે ઉપરાંત અહીં રાજગૃહીમાં ૨૩ તીર્થંકરોના સમવસરણ થયા હતા. શ્રેણિકરાજાની આ રાજધાની હતી; તેમજ મુનિસુવ્રતપ્રભુના ચાર કલ્યાણક અહીં થયા હતા. આવા પાવન ધામમાં ભગવાનના સમવસરણનું સ્મરણ કરતાં કરતાં ને ભક્તિગાન ગાતાં ગાતાં ગુરુદેવની સાથે સાથે ભક્તજનો વિપુલાચલ પર્વત ઉપર જતા હતા...જાણે કે ગુરુદેવ સાથે ભગવાનના સમવસરણમાં જતા હોઈએ એવા ભાવો સૌ ભક્તજનોને ઉલ્લસતા હતા.

વિપુલાચલ ઉપર ત્રણ મંદિરો છે; તેમાં મહાવીર પ્રભુ વગેરેના પ્રતિમાજી તથા ચરણકમળ બિરાજે છે ગુરુદેવ સહિત સૌ ભક્તોએ અર્ઘ ચડાવ્યો. ત્યારબાદ ભક્તિ થઈ.....

**(૧) “વીર સભામાં અહીં ગૌતમ પધાર્યા.........**
**અમૃત વરસ્યા મેહ રે....વીરજીની વાણી**
**છૂટી રે.....”**

**(૨) પ્રભુની વાણી જોર રસાળ....**
**મનડું સાંભળવા તલસે........**

એ સ્તવનો ગુરુદેવે ઘણા ભાવથી ગવડાવ્યાં હતા. તે વખતે જાણે કે વિપુલાચલ ઉપર ભગવાનના સમવસરણની સભા ભરાણી હોય ને ભક્તો દિવ્ય ધ્વનિ માટે ભગવાનને વિનવતા હોય–એવું ભાવભર્યું વાતાવરણ હતું. ત્યાં ઘણા ઉલ્લાસથી ભક્તિ કર્યા બાદ બીજા અને ત્રીજા પર્વતની યાત્રા કરી.

યાત્રા બાદ ત્રીજા પર્વતની તળેટીમાં ભાતું આપવામાં આવે છે, ત્યાં સૌએ ભાતું ખાધું ને વિશ્રામ કર્યો.

એ રીતે ત્રણ પર્વતની યાત્રા કરીને ગુરુદેવ નીચે પધાર્યા..કેટલાક ભક્તજનોએ ચોથા પહાડની પણ યાત્રા કરી.

બપોરે જિનમંદિરના ચોકમાં ગુરુદેવનું સુંદર પ્રવચન થયું. પ્રવચન બાદ ગયા અને પટનાના જૈન સમાજ તરફથી ગુરુદેવ પ્રત્યે એક અભિનંદન પત્ર વાંચવામાં આવ્યો હતો અને રાત્રે જિનમંદિરમાં અદ્‌ભુત ભક્તિ થઈ હતી.

(તા. ૧–૩–૫૭) મહા વદ અમાસની સવારમાં બાકી રહેલી બે ટૂંકની યાત્રાએ ગુરુદેવ સંઘસહિત પધાર્યા હતા. પહેલાં પાંચમા પર્વત ઉપર ગયા હતા. અહીં ચોવીસ ભગવંતોના પ્રતિમાજી કોતરેલા છે. ત્યાં દર્શન કરીને અર્ઘ ચડાવ્યો, ત્યારબાદ ઘણી મહાન ભક્તિ થઈ. પહેલાં ગુરુદેવે બે સ્તવનો ગવડાવ્યાં હતા.


**આશ ધરીને અમે આવીયા રે......**
**અમને ઉતારો ભવોદધિ પાર રે....**
**જિનરાજ લગન લાગી રે**

ઇત્યાદિ સ્તવનો ગુરુદેવે ગવડાવ્યા હતા......વિધવિધ તીર્થોની યાત્રામાં ગુરુદેવને ઉલ્લાસ થતાં વારંવાર ભાવભીની ભક્તિ કરાવતા હતા...ને તેથી ભક્તોને ઘણો આનંદ થતો હતો. પંચમપહાડી ઉપર પૂ. ગુરુદેવની ભક્તિ બાદ પૂ. બેનશ્રીબેને પણ ઘણા ઉમંગપૂર્વક–

**“આજ તો વધાઈ મારે સમોસરણ દરબારજી......**એ સ્તવન ગવડાવીને જોરદાર ભક્તિ કરાવી હતી. અહીં ભક્તિ બાદ, આ પાંચમી ટૂંક ઉપર નીકળેલા પુરાણા જિનમંદિરના અવશેષો તેમજ બે હજાર વર્ષો જૂના અનેક દિગંબર જિનપ્રતિમાઓનું ગુરુદેવ સહિત સૌએ અવલોકન કર્યુ હતું. બે હજાર વર્ષો જૂના જિનવૈભવને જોતાં ગુરુદેવના મુખમાંથી અનેક વાર ઉદ્‌ગારો નીકળતા કે જુઓ, ઈતિહાસ પણ દિગંબર જૈનધર્મની સાક્ષી પૂરે છે.

પંચમપહાડીની યાત્રા બાદ ગુરુદેવ ચોથી પહાડી તરફ પધાર્યા. ત્યાં જતા વચ્ચે પુરાણી ગુફાઓ આવે છે તેનું અવલોકન કર્યું. આ ગુફાની દિવાલો ઉપર જિનપ્રતિમાની આકૃતિ કોતરેલી છે. ગુફાના પ્રવેશદ્વારમાં પણ ચાર જિનપ્રતિમા કોતરેલ એક સ્તંભ છે. આ વિશાળ અને શાંત ગુફામાં પ્રવેશતાં જ એમ થાય છે કે અહીં પૂર્વે અનેક સંતમુનિઓ વસ્યા હશે ને આત્મધ્યાન કર્યાં હશે.

ચોથી પહાડીનું નામ ‘શ્રમણગીરી’ છે; અહીં ૭૦૦ મુનિઓ વસતા હતા ને આત્મધ્યાન કરતા હતા. તેમના



ભગવાન મહાવીરની નિર્વાણભૂમિ : શ્રી પાવાપુરી

સ્મરણથી ગુરુદેવને પણ ઘણી ભાવનાઓ જાગતી હતી. આ પહાડી ઉપર ગુરુદેવે ઘણા ભાવપૂર્વક મુનિવરોની ભક્તિ ગવડાવી હતી–

મારા પરમ દિગંબર મુનિવર આયા,
સબ મિલ દર્શન કર લો,
હાં સબ મિલ દર્શન કર લો.....
બાર બાર આના મુશકીલ હૈ,
ભાવભક્તિ ઉર ધર લો.....
હાં ભાવભક્તિ ઉર ધર લો.....

ગુરુદેવની ભાવભીની ભક્તિ સાંભળીને સૌ ભક્તો પ્રસન્ન થયા હતા...પહાડી ઉપરથી ઉતરતાં ઉતરતાં પણ ગુરુદેવ ધીમે ધીમે મુનિવરોની ભક્તિ બોલતા હતા......

–આમ આનંદપૂર્વક પંચ પહાડી તીર્થધામની યાત્રા પૂર્ણ થઈ.

**પંચ પહાડી તીર્થધામ કી જય...**
**પંચ પહાડી તીર્થધામમાં વિચરેલા તીર્થંકરો-સંતોને નમસ્કાર.**
**જિનવાણી-પાવનધામને નમસ્કાર.**

卐

પૂ. ગુરુદેવ સાથે પવિત્ર તીર્થધામની યાત્રા થઈ તેની ખુશાલીમાં આજે રાત્રે જિનમંદિરમાં અદ્ભુત ભક્તિ થઈ હતી.

તા. ૨–૩–૫૭ (ફા. સુદ ૧) ના રોજ સવારમાં શ્રી જિનેન્દ્ર ભગવાનની ભવ્ય રથયાત્રા નીકળી હતી. રથયાત્રા બાદ શ્રી જિનેન્દ્રદેવનો મહાઅભિષેક થયો હતો. અને રાજગૃહીના જૈન સમાજ તરફથી ગુરુદેવને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

**કુંડલપુર-નાલંદા**

બપોરે રાજગીરીથી પાવાપુર તરફ જતાં વચ્ચે કુંડલપુર તથા નાલંદા પણ ગયા હતા. કુંડલપુરમાં મહાવીરપ્રભુનું જે જન્મસ્થાન ગણાય છે ત્યાં જિનમંદિરમાં ગુરુદેવે ભક્તિ કરાવી હતી અને પછી બેનશ્રીબેને જન્મકલ્યાણકની વધાઈની ધૂન ગવડાવી હતી. નાલંદામાં બૌદ્ધોની જૂની વિદ્યાપીઠ ખોદકામ કરતાં નીકળેલી છે, જેમાં શ્રી અકલંક–નિકલંક ગુપ્ત વેષે ભણતા હતા ને પકડાઈ જતાં તેમને કેદ કર્યા હતા....ત્યાંથી છટકીને જતાં, પાછળથી પકડાઈ ગયા ને નિકલંકનું બલિદાન દેવાયું. પછી તો અકલંક સ્વામીએ બૌદ્ધોને હરાવીને જૈનધર્મનો જોરદાર પ્રભાવ

ફેલાવ્યો; તે બધો ઇતિહાસ આ નાલંદા વિદ્યાપીઠમાં બનેલો, તેથી આ નાલંદા વિદ્યાપીઠના અવલોકન પ્રસંગે ભક્તજનો અકલંક–નિકલંકના સ્મરણથી લાગણીવશ બની જતા હતા, ને હૃદય જૈનધર્મ પ્રત્યેની ભક્તિથી ભરાઈ જતું હતું, કુંડલપુર અને નાલંદા થઈને ગુરુદેવ સંઘસહિત પાવાપુરી પધાર્યા.

**પાવાપુરી ધામમાં અદ્‌ભુત ભક્તિભરી યાત્રા**

પાવાપુરીમાં ધર્મશાળામાં મહાવીરભગવાનના ૧૦ ફુટ મોટા ખડ્‌ગાસન પ્રતિમાજી બિરાજે છે. જે ઘણી જ સુંદર અને ભાવવાહી છે. ત્યાં રાત્રે ભક્તિ થઈ હતી. ગુરુદેવે પણ ભક્તિમાં સ્તવનો ગવડાવ્યા હતા. ધર્મશાળામાં બીજા પણ અનેક મંદિરો છે. તેમ જ ૨૪ ભગવંતોના ચરણકમળ અને મહાવીરપ્રભુના તથા ગૌતમગણધરના ચરણકમળ પણ છે.

જલમંદિર પદ્મસરોવરની વચ્ચે આવેલું છે, જે ભગવાનનું નિર્વાણસ્થાન છે.

(તા. ૩) **ફાગણ સુદ બીજ:** આજે સવારમાં જલમંદિરે સામૂહિક પૂજનભક્તિ ઘણા ઉલ્લાસથી થયા હતા.

પાવાપુરી જલમંદિરમાં વીરપ્રભુના તેમજ ગૌતમપ્રભુ અને સુધર્મપ્રભુના ચરણકમળ બિરાજે છે. સરોવરની વચ્ચે જલમંદિરનું દ્રશ્ય બહુ રળિયામણું લાગે છે. ત્યાં પૂજન–ભક્તિ માટે ગુરુદેવ સાથે ભક્તજનો ગાતાં ગાતાં ચાલ્યા...પ્રભુના ચરણ પાસે આવીને બેઠા; ભાવપૂર્વક હીરામાણેકનો અર્ઘ ચડાવ્યો...ગુરુદેવે પ્રભુચરણનો અભિષેક પણ કર્યો...પછી ભક્તિ શરૂ કરતાં પહેલાં ગુરુદેવે કહ્યું કે: જુઓ ભગવાન અહીંથી મોક્ષ પધાર્યા...અહીંથી ઉપર ભગવાન બિરાજે છે...એમ કહીને હાથ ઊંચો કરીને સિદ્ધાલય બતાવ્યું...અને પછી ભક્તિ શરૂ કરી–

**આજે વીરપ્રભુજી નિર્વાણ પદને પામીયા રે.....**
**અહીંથી વીરપ્રભુજી નિર્વાણ પદને પામીયા રે.....**
**શ્રી ગૌતમગણધરજી પામ્યા કેવળજ્ઞાન.....**
**સુરનર આવો આવો નિર્વાણ મહોત્સવ ઉજવવા રે.**

ભક્તિમાં ભગવાનના વિરહની વાત આવતાં ગુરુદેવ ગદગદ થઈ ગયા હતા.....અને એ ગદગદભરેલી ભક્તિ ભક્તોના હૈયાંને પણ હચમચાવતી હતી.

એ ભક્તિ વખતના સ્તબ્ધ વાતાવરણમાં જાણે કે ભક્તો ગુરુદેવને પૂછી રહ્યા છે કે–હે ગુરુદેવ! ભગવાન અહીંથી કઈ રીતે–કયા માર્ગે મુક્તિ પધાર્યા? તે અમને બતાવો. ત્યારે ગુરુદેવ ભક્તિદ્વારા બતાવે છે કે ભગવાન અહીંથી સમશ્રેણી માંડીને સિદ્ધ થયા ને ઉપર બિરાજી રહ્યા છે.

**“અહીં પાવાપુરીમાં સમશ્રેણી પ્રભુ આદરી રે.....**
**મુક્તિમાં બિરાજ્યા આપ પ્રભુ ભગવંત.....**
**અહીં ભરતક્ષેત્રે તીર્થંકર વિરહા પડયા રે.....**

વીર ભગવાનના પગલે પગલે મુક્તિમાર્ગે ચાલતાં ચાલતાં ગુરુદેવ ભક્તોને બતાવી રહ્યા છે કે–ભગવાને તો ત્રીસ વર્ષે તપ આદર્યા ને ઉગ્ર આત્મધ્યાન કરી–કરીને કેવળજ્ઞાન પામ્યા....પછી અનેક ભક્તોને ઉગારીને અહીંથી મોક્ષધામ સીધાવ્યા:–

**ત્રીસ વર્ષે તપ આદર્યા.....લીધા કેવળજ્ઞાન,**
**અગણિત ભવ્ય ઉગારીને.....પામ્યા પદ નિર્વાણ.....**

ભગવાન પાસે બાળકની જેમ ભક્તિ કરતાં હાથ જોડીને સંતો કહે છે કે “હે નાથ!–


**અમ બાળકની આપે લીધી નહિ સંભાળ**
**અમને કેવળના વિરહામાં મૂકી ચાલીયા રે.....**

છેવટે બેધડકપણે આત્મસાક્ષીથી કહે છે કે–હે ભગવાન! આપ મુક્તિ ભલે પામ્યા...અમે પણ આપનાં બાળક છીએ...ને અમે પણ આપના શાસનને શોભાવતા શોભાવતાં આપની પાસે ચાલ્યા આવીએ છીએ.

–આવા ભાવપૂર્વક ગુરુદેવની ભાવભીની ભક્તિ પૂરી થઈ, ને આવા તીર્થધામમાં ગુરુદેવની આવી ભક્તિ દેખીને સૌ ભક્તજનોને ઘણો જ આનંદ થયો....

ત્યાર બાદ પૂ. બેનશ્રીબેને પણ મહાઉલ્લાસથી ભક્તિ કરાવી.

**નિર્વાણ મહોત્સવ થયા અહીં.....**
**વીર પ્રભુ સિદ્ધ થયા છે.....**
**વીર પ્રભુજી સિદ્ધ થયા છે,**
**ગૌતમ કેવળજ્ઞાન.....વીર પ્રભુ.**



**ગૌતમસ્વામીની મોક્ષભૂમિ : શ્રી ગુણાવા**

વિપુલાચલે મહાવીર પ્રભુનું અર્હંતપદ ને ગૌતમસ્વામીનું ગણધરપદ, ત્યાંથી આગળ આવતાં આ પાવાપુરી ધામમાં મહાવીર પ્રભુનું સિદ્ધપદ અને ગૌતમપ્રભુનું અર્હંતપદ. આ રીતે તીર્થંકર-ગણધરની સરસ જોડીના પાવનધામોનાં દર્શન ગુરુદેવ સાથે થતાં સૌ ભક્તોના અંતરમાં બહુ જ ભક્તિનો આહ્લાદ થતો હતો.

ગુરુદેવને પણ ભક્તિની ધૂન જાગતાં ફરીને તેઓશ્રીએ ભક્તિ ગવડાવી-

**વીર પ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળજ્ઞાન રે**
**વીરજીનું શાસન ઝૂલે રે.....**

ગુરુદેવ ભક્તિરૂપી દોરીવડે ભગવાનના શાસનને ઝૂલાવી રહ્યા છે-એવું એ ભક્તિ વખતનું વાતાવરણ હતું, ને ભક્તો ભક્તિના તાનમાં ડોલતા હતા.

ભક્તિ પછી ઉમંગભર્યા પૂજન થયા.....ગુરુદેવ જ્યારે હાથમાં શ્રીફળ વગેરેને લઈને ચઢાવતા હતા ત્યારે એ દ્રશ્ય વખતે સમન્તભદ્ર સ્વામીની એ સ્તુતિ યાદ આવતી હતી કે "હે જિનેન્દ્ર! તારા ચરણની યથાર્થ સેવના જ્ઞાનીઓ જ કરે છે. આજે ગુરુદેવની સાથે સાથે જિનેન્દ્રદેવનું પૂજન કરતાં ભક્તજનોને જે આનંદ થયો તેનું વર્ણન અહીં શું થઈ શકે?"

પૂજનાદિ બાદ, જયજયકારથી વાતાવરણ ગાજી ઊઠયું. ત્યારબાદ ભક્તિની જોરદાર ધૂન ગાતાં ગાતાં પૂ. બેનશ્રીબેન સહિત ભક્તમંડળે એ પવિત્રધામની પ્રદક્ષિણા કરી....પ્રદક્ષિણા બાદ જમીન પર ઘૂંટણભર થઈને ભાવભીને ચિત્તે બંને બેનોએ શીર લગાવીને નમસ્કાર કર્યા....જાણે કે એ નમસ્કાર મંત્રના બળવડે ઉપરના સિદ્ધ ભગવંતોને નીચે ઉતારીને પોતાના હૃદયમાં પધરાવ્યા.....

એમ ભક્તિ-પૂજન કરીને પાછા ફરતાં, પૂલ ઉપરથી પસાર થતી વખતે-

**"હે વીર તુમ્હારે દ્વારે પર એક દર્શ ભીખારી**
**આયા હૈ"**

એ ભક્તિની અદ્ભુત ધૂન જામેલી....ને ભક્તો એકતાન થઈ ગયેલા. તે પ્રસંગ નજરે નીહાળનારાના હૈયામાં કોતરાઈ ગયો છે....એ વખતે ભક્તોની આંખો ભક્તિરસથી ભીની થઈ જતી હતી.

પાછાં ફરતાં આ ઉલ્લાસભરી યાત્રા ગુરુદેવ સાથે થઈ તેની "વાહવા જી વાહવા" ની ધૂન ગાતાં હતાં–

**પાવાપુરી ધામ દેખ્યાં.....વાહવા જી વાહવા.....**
**મુક્તિના આ ધામ દેખ્યાં.....વાહવા જી વાહવા.....**
**ગુરુદેવની સાથે દેખ્યાં.....વાહવા જી વાહવા.....**
**ગુરુદેવે ભક્તિ કરી.....વાહવા જી વાહવા.....**
**સંતો સાથે જાત્રા થઈ.....વાહવા જી વાહવા.....**
**અનંતકાળની ભાવના પૂરી થઈ.....**
**વાહવા જી વાહવા.....**

આજે (ફાગણ સુદ બીજ ને રવિવારે) સોનગઢમાં સીમંધર ભગવાનની પ્રતિષ્ઠાનો મંગલ દિવસ, અને બરાબર આજે જ અહીં પાવાપુરી મોક્ષધામમાં ગુરુદેવ સાથે અપૂર્વ ભક્તિભરેલી યાત્રાનો પ્રસંગ બન્યો તેથી સૌ ભક્તોને ઘણો ઉલ્લાસ થયો.

લગભગ ૧૦૦૦ ભક્તજનો સાથે તીર્થયાત્રાનો આ એક મહાન પ્રસંગ છે, તે બાબતનો પ્રમોદ સૌ ભક્તજનો ગુરુદેવ પાસે વ્યક્ત કરતા હતા....ને આ યાત્રા પ્રસંગથી ગુરુદેવને પણ ઘણો પ્રમોદ થતો હતો. જલમંદિરની સામે વીરપ્રભુની અંતિમ દેશનાનું (સમવસરણનું) સ્થાન છે, તે જોવા પણ ગુરુદેવ પધાર્યા હતા. ત્યાં સમવસરણ જેવી રચના (ત્રણ પીઠીકા) છે ને તેમાં વીરપ્રભુના પુરાણા (લગભગ અઢી હજાર વર્ષ જૂના) ચરણકમળ છે, ત્યાં ગુરુદેવે ભક્તજનો સહિત અર્ઘ ચઢાવ્યો હતો.

બપોરે પૂ. ગુરુદેવનું પ્રવચન થયું હતું. પ્રવચનમાં ગુરુદેવ વારંવાર તીર્થધામોનો ભાવવાહી ઉલ્લેખ કરતા હતા.

તા. ૪ (ફા. સુદ ત્રીજ) બપોરે પૂ. ગુરુદેવ અને સંઘ પાવાપુરીથી નીકળીને ગુણાવા આવ્યા. ગુણાવા તે ગૌતમસ્વામીની મોક્ષભૂમિ છે; ત્યાં જિનમંદિરમાં મુનિસુવ્રતપ્રભુના મોટા પ્રતિમાજી તેમજ ગણધરદેવના ચરણકમળ છે; તે ઉપરાંત પાવાપુરી જેવું એક નાનું રળિયામણું જલમંદિર પણ છે. સરોવર વચ્ચે જલમંદિરમાં ગૌતમ સ્વામીના ચરણકમળ શોભે છે. ગુણાવા ઉપશાંત વાતાવરણવાળું સિદ્ધિધામ છે. અહીં ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ હતી, તેમાં પૂ. ગુરુદેવે પણ ભક્તિ ગવડાવી હતી.

અહીંથી પૂ. ગુરુદેવ ગયા શહેરમાં પધાર્યા......ગયા શહેરમાં જૈન સમાજે ગુરુદેવનું ને સંઘનું પ્રેમપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. તથા ગુરુદેવને અભિનંદનપત્ર આપવામાં આવ્યુ હતું. કેટલાક ભક્તજનો ગુણાવાથી સીધા સમ્મેદશિખરજી ગયેલા ને ત્યાં રાત્રે જિનમંદિરમાં ભક્તિ કરી હતી.

પૂ. ગુરુદેવ તા. ૬ (ફા. સુદ પાંચમ) ની સવારે લગભગ ૧૦ વાગે સમ્મેદશિખરજી ધામ (મધુવન) પધાર્યા; પવિત્ર તીર્થધામમાં જૈનસમાજે ઉમળકાપૂર્વક ગુરુદેવનું સ્વાગત કર્યું...શાશ્વત તીર્થધામમાં આવતાં ગુરુદેવને પણ ઘણી જ પ્રસન્નતા થતી હતી...ત્રણ–ચાર હજાર શ્રોતાજનોની સભામાં **માંગળિક સંભળાવતાં ગુરુદેવે કહ્યું કે-અનંત તીર્થંકરો અને સંત મુનિવરો અહીંથી મોક્ષ પામ્યા છે, તેથી આ સમ્મેદશિખરજી તીર્થ તે મંગળ છે; જુઓ, અહીંથી ઉપર અનંત સિદ્ધભગવંતો બિરાજે છે. આત્માનો જ્ઞાન-આનંદ સ્વભાવ જે ભાવથી પ્રગટયો તે ભાવ પણ મંગળ છે. ધવલામાં તો વીરસેનાચાર્ય કહે છે કે -ભવિષ્યમાં મોક્ષ પામનાર આત્મ દ્રવ્ય પણ મંગળ છે, કેમકે અલ્પકાળમાં કેવળજ્ઞાન થવાનું છે અને જે કાળે આત્મા મુક્તિ પામ્યો તે કાળ પણ મંગળ છે. જેણે આત્માના જ્ઞાન-આનંદ સ્વભાવની પ્રતીત કરીને પોતામાં સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ મંગળ પ્રગટ કર્યું તે જીવ ભગવાનને પણ પોતાના મંગળનું કારણ કહે છે, ને ભગવાન જ્યાંથી મોક્ષ પધાર્યા એવા આ સમ્મેદશિખરજી વગેરે તીર્થધામને પણ તે મંગળનું નિમિત્ત કહે છે. કેમ કે આવી નિર્વાણભૂમિ જોતાં તેને મોક્ષતત્ત્વનું સ્મરણ થાય છે. આ રીતે મોક્ષ તત્ત્વની પ્રતીતમાં અને સ્મરણમાં આ ભૂમિ નિમિત્ત છે તેથી આ ભૂમિ પણ મંગલ છે. તેની જાત્રા માટે અહીં આવ્યા છીએ. આ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સર્વ પ્રકારે માંગલિક કર્યું.**

તીર્થધામમાં આવું ઉલ્લાસભર્યું માંગળિક સાંભળીને સૌને ઘણો આનંદ થયો હતો, ગુરુદેવ આ તીર્થધામમાં પધારતાં અહીંનું આખું વાતાવરણ ઘણું ઉમંગભર્યું ને પ્રફુલ્લતામય લાગતું હતું. અહીં સંઘમાં લગભગ ૧૫૦૦ જેટલા ભક્તજનો થઈ ગયા હતા, ને ગુરુદેવ સાથે આ શાશ્વત સિદ્ધિધામને ભેટવા સૌનાં હૃદય આતુર થઈ રહ્યા હતા....કયારે એ સિદ્ધિધામને ભેટીએ? ને કયારે ગુરુદેવ સાથે યાત્રા કરીને એ સિદ્ધિધામને દેખીએ? એમ સૌ ભાવના ભાવી રહ્યા હતા.

માંગળિક બાદ ભોજનાદિ કરીને પૂ. કાનજી સ્વામી તરત જ ઈસરી પં. ગણેશપ્રસાદજી વર્ણીજીને મલવા માટે ગયા હતા....એક બીજાના મિલનથી બંનેને ખૂબ પ્રસન્નતા થઈ હતી, ને વાત્સલ્યપૂર્વક લગભગ અડધી કલાક વાતચીત થઈ હતી....એ સિવાય સમ્મેદશિખરજી ધામમાં ફરીને પણ અનેક વાર બંનેનું મિલન અને વાતચિત થયા હતા. વર્ણીજીએ પ્રેમપૂર્વક કહ્યું હતું કે **'इनकी प्रसन्न मुद्रा मुझे बहुत पसंद आई, और ऐसा लगा कि इस आत्माके द्वारा समाजका कल्याण होगा।'** અને આપ સ્પષ્ટ કહેતા હતા કે ઈસકા વિરોધ નહિ કરના ચાહિએ. આ ઉપરાંત અનેક વિદ્વાન પંડિતો પણ ગુરુદેવના પરિચયમાં આવ્યા હતા ને ગુરુદેવના પરિચયથી ખૂબ પ્રસન્ન અને પ્રભાવિત થયા હતા. પં. બંસીધરજી, પં. કૈલાસચંદ્રજી, પં. ફૂલચંદજી વગેરેએ ઘણો પ્રેમ બતાવ્યો હતો.

બપોરે પ્રવચનમાં સભાનું દ્રશ્ય ઘણું ભવ્ય હતું. ત્રણ મુનિઓ, બે અર્જિકાઓ, અનેક ક્ષુલ્લક, બ્રહ્મચારીઓ, ઘણા વિદ્વાનો તેમજ પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને ત્રણચાર હજાર જેટલા શ્રોતાજનોથી સભા ઘણી સુશોભિત લાગતી હતી; ને **"नमः समयसाराय"** એ શ્લોક ઉપર અદ્‌ભુત ભાવભર્યું પ્રવચન થયું હતું. સમ્મેદશિખરમાં આવી અદ્‌ભુત સભા અને આવા મોટા સંઘસહિત આવી યાત્રા તે મહાન પ્રસંગ બન્યો.

રાત્રે જિનમંદિરમાં ઘણા ઉલ્લાસપૂર્વક ભક્તિ થઈ હતી.

ફાગણ સુદ છઠ્ઠ (તા. ૭) ના રોજ સવારમાં પૂ. ગુરુદેવ ભક્તજનો સહિત તળેટીના જિનમંદિરોના દર્શને પધાર્યા હતા.

સમ્મેદશિખરજી જેવા મહાન તીર્થધામને શોભાવે એવો તળેટીનો અદ્‌ભુત જિનવૈભવ જોઈને ગુરુદેવ અને સૌ પ્રસન્ન થયા હતા. સુંદર કારીગરીવાળો, માનસ્તંભ, પાર્શ્વનાથ પ્રભુના ઉપશાંત રસમાં ઝૂલતા વિશાળ પ્રતિમાજી, પુષ્પદંત ભગવાન, ચંદ્રપ્રભુ ભગવાન, સહસ્રકૂટ જિનાલય, ચોવીસ ખડ્‌ગાસન ભગવંતો તેમાં મહાવીર પ્રભુના મોટા પ્રતિમાજી, નંદીશ્વર જિનધામની વિશાળ રચના, સીમંધરપ્રભુના ચરણકમળ, વગેરે અદ્‌ભુત જિનેન્દ્રવૈભવ છે તેના ભક્તિપૂર્વક દર્શન કર્યા.

ત્યારબાદ જિનમંદિરમાં સમૂહ પૂજન થયું, જેમાં ગુરુદેવે પણ ભાગ લીધો હતો. સમ્મેદશિખરજી જેવા મહાન્ તીર્થધામમાં ગુરુદેવ સહિત ૫૦૦ ઉપરાંત ભક્તજનો એકસાથે ધામધૂમથી જ્યારે જિનેન્દ્ર ભગવાનની પૂજા કરતા હતા ત્યારનું દ્રશ્ય ઘણું ભક્તિપ્રેરક હતું. સમ્મેદશિખર ધામની તેમજ સિદ્ધ ભગવાનની વગેરે અનેક પૂજાઓ થઈ હતી. બપોરે પ્રવચન થયું હતું. અહીં પ્રવચનો ખૂબ જ ભાવભરેલા થતા હતા...અને એ ભાવભર્યા પ્રવચનો સાંભળીને હજારો શ્રોતાજનો તેમ જ વિદ્વાનો પણ મુગ્ધ થઈ જતા હતા.

"હવે આવતી કાલે તો સમ્મેદશિખરજી ઉપર જવાનું છે, ત્યાં ઉપરના સિદ્ધભગવાન દેખાડશું" એમ ગુરુદેવ પ્રવચનમાં વારંવાર ભાવપૂર્વક ઉલ્લેખ કરતા હતા.

## શાશ્વત તીર્થધામની અપૂર્વ યાત્રા

**ફાગણ સુદ સાતમ (તા. ૮ શુક્રવાર):** આજે ગુરુદેવની સંઘસહિત સમ્મેદશિખરજી તીર્થધામની યાત્રાનો મહાન દિવસ! અષ્ટાહ્નિકા પણ આજથી પ્રારંભ થાય છે, તે ઉપરાંત સુપાર્શ્વનાથ ભગવાનના મોક્ષકલ્યાણકનો પણ આજે મંગલદિન છે, ચંદ્રપ્રભુના કલ્યાણકનો પણ આજે દિવસ છે, આવા મંગલ દિવસે ગુરુદેવ સાથે શાશ્વત તીર્થધામની યાત્રા કરતાં સૌ ભક્તોને ઘણો આનંદ થયો હતો.

રાત્રે બે વાગતાં તો પૂ. ગુરુદેવ તૈયાર થઈ ગયા......ને સિદ્ધભગવંતોને યાદ કરીને, એ શાશ્વત સિદ્ધિધામની યાત્રાનો મંગલ પ્રારંભ કર્યો....સેંકડો ભક્તજનો પણ સાથે ચાલ્યા.....લગભગ પાંચ વાગતાં હજાર જેટલા ભક્તજનો સહિત ગુરુદેવ ઉપર પહોંચી ગયા......આજની આ મહામંગલ યાત્રા બાબત ગુરુદેવ ખૂબ પ્રસન્નતાપૂર્વક વારંવાર ચર્ચા કરતા હતા.

સૌથી પહેલી કુંથુનાથ ભગવાનની ટૂંક આવે છે. ત્યાં દર્શન અને ચરણસ્પર્શ કરીને સૌએ અર્ઘ ચડાવ્યો..... સમ્મેદશિખરજી તીર્થ ઉપરથી આ ચોવીસીના ૨૦ તીર્થંકર ભગવંતો તેમજ કરોડો મુનિવરો મોક્ષ પામ્યા છે; ઉપર ૨૫ ટૂંકો છે. તેમાં ભગવાનના ચરણકમળ બિરાજે છે. પહેલી ટૂંકે શરૂઆતમાં પૂ. ગુરુદેવે એક સ્તવન ગવડાવ્યું હતું.....તેમાં વચ્ચે કહ્યું કેઃ જુ**ઓ, અહીંથી અનંતા તીર્થંકરો ને મુનિઓ મોક્ષ પધાર્યા છે, તે અનંતા સિદ્ધ ભગવંતો અત્યારે ઉપર બિરાજી રહ્યા છે.....ઉપર પંક્તિમાં અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે, તેનાં અહીં સ્મરણ થાય છે.....**

### આજે આ મહામંગળ પ્રસંગ છે.

* અહીંથી અનંતા જીવો મોક્ષ પામ્યા છે તેથી આ **ભૂમિ** મંગળ છે.
* આજે ભગવાનના મોક્ષનો દિવસ છે તેથી આ **કાળ** પણ મંગળ છે.
* આત્મદ્રવ્ય અલ્પકાળમાં મોક્ષ પામનાર છે તે **દ્રવ્ય** પણ મંગળ છે.
* અને આજનો **ભાવ** પણ મંગળ છે.

### આ રીતે આપણે બધું મંગળ છે.

ગુરુદેવના શ્રીમુખેથી, શાશ્વત તીર્થરાજની યાત્રાના પ્રારંભમાં આ પ્રમાણે માંગળિક સાંભળતાં સૌ ભક્તજનોએ આનંદપૂર્વક હર્ષનાદ વ્યક્ત કર્યો હતો.

ત્યાર બાદ ભક્તિ ચાલતાં ચાલતાં ગુરુદેવ કહે કે–આ કુંથુનાથ પ્રભુની પહેલી ટૂંક છે. "કુંથુ" નો અર્થ પૃથ્વીમાં સ્થિત; જ્ઞાન–આનંદ વગેરે અનંત ગુણોસ્વરૂપ ચૈતન્ય–પૃથ્વીમાં ભગવાન સ્થિર રહેનારા છે. આમ તો અહીંની કાંકરી–કાંકરીએ અનંતા જીવો મોક્ષ ગયા છે, પણ નજીકના કાળને હિસાબે વર્તમાન ચોવીસીમાં શ્રી કુંથુનાથ ભગવાન અહીંથી મોક્ષ ગયા છે. અનંતા સિદ્ધ ભગવંતો અહીં આપણા શીર ઉપર બિરાજે છે; મોક્ષપદ જગતમાં સૌથી શ્રેષ્ઠ છે તેથી તેઓ લોકમાં સૌથી શ્રેષ્ઠ–ઊંચા સ્થાને બિરાજે છે. ઇત્યાદિ ઘણા ઘણા પ્રકારે ગુરુદેવ સિદ્ધ ભગવંતોનો મહિમા ભક્તજનોને સમજાવતા હતા....ને "આવા સિદ્ધભગવંતોને તમારા હૃદયમાં સ્થાપીને તેમનું ધ્યાન કરો." એવી પ્રેરણા ભક્તોના હૃદયમાં જગાડતા હતા. ત્યારબાદ પૂ. બેનશ્રીબેને પણ નવા નવા સ્તવનો દ્વારા અદ્‌ભુત ભક્તિ કરાવી હતી. તીર્થધામ હજારો ભક્તોથી ઉભરાઈ ગયું હતું.....ને ચારે કોરના રસ્તા યાત્રાળુઓથી છવાઈ ગયા હતા.

એક પછી એક ટૂંકની યાત્રા કરતા કરતા, ને ભક્તિપૂર્વક અર્ઘ ચડાવતા ચડાવતા, સુપાર્શ્વનાથ પ્રભુની ટૂંકે આવ્યા...આ ભગવાનનો આજે મોક્ષકલ્યાણક હોવાથી અહીં ખાસ ભક્તિ થઈ. ગુરુદેવે સુપાર્શ્વનાથપ્રભુના ચરણકમળનો ભાવપૂર્વક અભિષેક કર્યો.....ને પછી "હું એક શુદ્ધ સદા અરૂપી.....જ્ઞાનદર્શનમય ખરે" એ ધૂન બોલ્યા....તેમજ " અપૂર્વ અવસર" ની કેટલીક ગાથાઓ ઘણા જ ઉપશાંત ભાવથી બોલ્યા હતા..... તે વખતનું વાતાવરણ ભક્તિથી ને ઉપશાંત ભાવનાથી છવાઈ ગયું હતું.

ત્યારબાદ છેલ્લી પાર્શ્વનાથ ભગવાનની ટૂંકે પણ પૂ. ગુરુદેવે એ સ્તવનો ભક્તિપૂર્વક ગવડાવ્યા હતા. છેલ્લે પૂ. બેનશ્રીબેને એક સ્તવન ગવડાવ્યું હતું......ને આ રીતે ઘણા આનંદ અને જયજયકારપૂર્વક પૂ. ગુરુદેવની સંઘસહિત શાશ્વત તીર્થધામની યાત્રા પૂર્ણ થઈ હતી.....

### શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજી ધામકી જય હો.

परमप्रभावक आत्मार्थी सत्पुरुष श्री कानजी स्वामीकी
सेवामें सादर समर्पित

# सन्मान-पत्र

स्वामीजी!

हमारा सौभाग्य है कि हम सोनगढ़ के जिस महान् व्यक्तित्वके पुण्य सम्पर्ककी चिरकालसे प्रतीक्षा कर रहे थे वह मनःकामना आज सफल हुई। अनादिसिद्ध निर्वाणभूमि तीर्थराज श्री सम्मेदाचलकी वन्दना करनेके पवित्र संकल्पको लेकर आप सौराष्ट्रसे ५०० धार्मिक बन्धुओं और बहिनोंके साथ मार्गमें आनेवाले अनेक सिद्धक्षेत्रों व दूसरे तीर्थोंकी वन्दना करते हुए डालमियानगर पधारे हैं। हमने आपकी लोक-कल्याणकारिणी अमृतमयी अध्यात्मवाणीका रसास्वादन किया है। फलस्वरूप आज इस मंगलवेलामें हम सब आपके प्रति बहुमान प्रकट करते हुए अपनेको धन्य अनुभव करते हैं।

आत्मार्थिन्!

२३ वर्षकी छोटी उम्रमें गृह-प्रपञ्चसे मुक्त हो आपने आत्मतत्त्वकी जिज्ञासावश अनेक दुरूह ग्रन्थोंका अध्ययन और मनन कर वह तृप्ति नहीं प्राप्त की जो श्रीमदाचार्य कुन्दकुन्दप्रणीत विश्वभारती के अनुपम रत्न श्री समयसार आदि ग्रन्थरत्नोंके स्वाध्याय और मनन से आपने प्राप्त की हैं। परिणामस्वरूप आपको अपने प्रपञ्चबहुल जीवनका परित्याग कर निश्चित ध्येय की सिद्धिके लिए ऐसी करवट लेनी पड़ी हैं जो मोहग्रस्त संसारी प्राणियोंके लिए अनुपम उदाहरणके रूपमें सदा प्रसिद्ध रहेगी।

दृढ़ श्रद्धानी!

वीतराग सर्वज्ञप्रणीत स्वावलम्बिनी वृत्तिको चरितार्थ करनेवाले और तिल-तुषमात्र परिग्रहसे रहित निर्ग्रन्थ मार्ग पर आपकी दृढ़ श्रद्धा हैं। आप अपने जीवनमें यह अच्छी तरहसे अनुभव करते है कि रत्नत्रयपूत इस मार्ग पर चले बिना यह संसारी प्राणी मोक्षका अधिकारी नहीं हो सकता।

आत्मदर्शिन्!

मोह और ममता के पङ्कमें निमग्न संसारी प्राणियों को हितका उपदेश देनेवाले अनेक आत्मदर्शी महापुरुष इस भारत-भू पर अवतरित हुए हैं। आप भी अपने अतिशय प्रभावक आध्यात्मिक प्रवचनों-द्वारा इन संसारी प्राणियोंको निरूपधि आत्मतत्त्वका दिग्दर्शन कराते हुए यदा कदा यत्र तत्र भ्रमण करते रहते हैं। आपकी यह परम कल्याणकारिणी वृत्ति अभिनन्दनीय हैं।

**बालब्रह्मचारिन् !**

आपने अपने जन्मकालसे ही ब्रह्मचर्य व्रतके महत्वको न केवल अनुभव किया अपितु उसे अपने जीवनमें उतारा भी है। आपकी इस पुनित चर्यासे प्रभावित होकर सैकडों भाई व बहिन इस दुश्चर तपका पालन कर रहे है। आपके पावन निवाससे सोनगढ़ सबके लिए तीर्थ बन गया है।

इस पावन प्रसङ्ग पर उपस्थित हम सब मुमुक्षुजन आपका अन्त:करणसे अभिनन्दन करते हुए अपने भावोंकी कुसुमाञ्जलि इस सम्मानपत्रके द्वारा सादर समर्पित करते है और श्री १००८ जिनेन्द्र भगवान् श्री महावीरस्वामीका पुण्य नाम स्मरण कर यह मन:कामना करते हैं कि आप अपने जीवनमें यथाजात रूपके अधिकारी बन चिरकाल तक मुमुक्षु जनोंको साक्षात् मोक्षमार्गका पथ प्रदर्शन करतें रहें।

दालमियानगर विनयावनत

२५ फरवरी १९५७ डालमियानगर निवासी

।। श्री ।।

## आध्यात्मिक संत परम श्रद्धेय श्री कानजी स्वामी के चरणों में सादर समर्पित

**मान्यवर !**

यह हम सब लोगों का परम सौभाग्य है कि जिस महान् विभूति के पुण्य दर्शनों की उत्कण्ठा हम वर्षों से अपने हृदयों में सजोंये हुये थे, वह आज आपके शुभागमन से पूरी हो गई। आपके पुनीत दर्शनो से हम कितने सुखी, आपके अमृत तुल्य सदुपदेश से हम कितने भावविभोर एवं आपके महान् व्यक्तित्व से हम कितने प्रभावित हुये हैं, इसका प्रकाशन वाणी की शक्ति के परे की चीज है। सूर्योदयका प्रकाश पाकर जैसे कमल विकसित हो उठता है, वैसे ही आपके दर्शन एवं अद्‌भुत प्रवचन-शैली से गया जैन समाज का हृदय कमल विकसित हो उठा है।

**त्याग तपस्याके प्रतीक !**

आपके जीवनकी जो पवित्र पोथी समाज की आंखो के आगे खुली पडी़ है उसकी कथा-गाथा का एक एक अध्याय, अध्याय का एक एक पन्ना और पन्ने की प्रत्येक पंक्ति प्रेरणा के अपूर्व छन्द, आदर्श के एक अलौकिक संगीत और ज्ञान की एक दिव्य दीप्ति से समुद्‌भासित है। विमल त्याग और कठोर तपस्या की निरन्तर आहुति से आपके हृदय में

ज्ञान की जो यज्ञ वेदी जल उठी है उसकी सुनिर्मल शिखा लोक के कलुष अवसाद एवं अन्धकार को दूर करती है। आपने आपत्तियों की तीखी आँच मे तप-तपा कर, बाधा-विघ्नों की कठिन कसौटी पर कस कसाकर अपने जीवन को पारस पत्थर बनाया है, जो अपने लिये तो सब प्रकार से नि:स्व है, पर जिन्दगी के लोहे की जिस लकड़ी को छू देता है, वह मूल्य, महत्व और महिमा की दमक से सोना हो उठता है।

**आदर्श एवं प्रभावशाली व्यक्तित्व:-**

दूसरों के लिये अपना जीवन जीनेवाले महापुरुष! अन्तर में ज्ञान की अक्षय निधियों का भरा पूरा भण्डार लिये आपका जो सरल सहज व्यक्तित्व है, उसके अजेय आकर्षण और अपरिमित प्रभाव की रूपरेखा शब्द नहीं आकें सकते। ओज-तेज के उस प्रकाश में, शान्ति-सौम्यता की शीतल छाँह में जिसे भी घड़ी भर टिकने का सौभाग्य हुआ है, वही उस शब्द-रूपहीन स्वर्गीय सुख की अनुपम अभिज्ञता से धन्य हो उठा है। आपके जीवन का प्रवाह अपनी राह बहता है और उसके दोनों कूल धूल-सिंच कर हरे भरे लहराते हैं।

जैन समाज ने आपको लम्बी अवधि तक बहुत पास से देखा है, वैभव विलास के जगरमगर से साधना के द्वारा बीहड़ मार्ग पर किस प्रकार आपका जीवन आगे बढ़ा हैं उसे जाना है और आजीवन साधना के जो अनमोल बोल झड़ते है, उन्हें जतन से चुना है और तब यह समझा है कि आपका व्यक्तित्व कितना पारदर्शी है, किन आदर्शो पर उसकी नींव पड़ी है और उसके फल-फूल उसकी छाया में सन्तप्त लोक-जीवन के लिये कैसा मन्त्र है, दुखी मानवता के लिये कैसी अमोघ औषधि है।

**हमारे मान्य अतिथि:-**

हमारी समझमें नहीं आता कि हम आपकी वन्दना अर्चना किन शब्दों में करें, क्योंकि हमारी वाणी मूक है और प्राण विह्वल है।

हम आपके मंगलमय भविष्य एवं सुदीर्घ जीवन की शुभ कामना करते हैं। हमें आशा ही नहीं पूर्ण विश्वास है कि आप दिनों दिन धर्मपथ पर अग्रसर होते हुये अनगिनती दुखी और अन्धकार में भटकने वाली आत्माओं की आँखोको विमल प्रकाश, लड़खड़ाते चरणों को सच्ची सुगम राह, एवं पीड़ित जीवनों को आश्वासन की वाणी सुनाकर उन्हें सही मंजिल की ओर चलने की सद्प्रेरणा देते रहेंगे।

अन्त में सेवा त्याग का स्वर्गीय संकल्प लिये उदार मार्ग पर चलने वाले आपके चरणों पर हम अपने आँसू के गंगाजल से धुली कामनाओं के फूल बिछाते हैं और आपके दीर्घ जीवन की मंगल कामना करते है।

चिर विनीत

महावीर जैन युवक समिति, गया।

।। श्री वीतरागाय नमः ।।

आध्यात्मिक संत श्री कानजी स्वामी की सेवा में सादर समर्पित

# सम्मान पत्र

**सन्तप्रवर !**

हमारा परम सौभाग्य है कि हम जिस आत्मरस का आस्वादन करानेवाले महान् आत्मा के पुण्यसम्पर्क की अनेकों वर्षों से प्रतीक्षा कर रहे थे, हमारी वह मनोकामना आज सफल हो गई। तीर्थराज श्री सम्मेदशिखर की वन्दना करने के लिए सोनगढ़ से ५०० धार्मिक बन्धुओं के साथ मार्ग में अनेक सिद्धक्षेत्रों की वन्दना करते हुए आप यहां पधारे है। आपने अपनी अमृतमयी वाणी द्वारा अनेक आत्मज्ञान-पिपासुओं की प्यास को बुझाया है। आप का आज बिहार प्रान्त की इस आरानगरी में आत्मज्ञान-पिपासुओं के समक्ष स्वागत करतें हुए हमें परम हर्ष हो रहा है।

**आत्मरसिक !**

दु:खमय संसार की स्थिति का अवलोकन कर आपने आत्मतत्त्व के अध्ययन और चिन्तन द्वारा अनेक मुमुक्षुओं का उद्बोधन कर उन्हें सन्मार्ग पर लगाया है। इस स्वार्थ और संघर्षवादी युग में स्वार्थ और वैमनस्य तथा संघर्षरूपी नदी में डूबते हुए अनेकों दिगभ्रान्त मानवों का जीवन आपने मानवता के सच्चे साँचे में ढाल दिया है। आप में अनेक अनुपम गुण विद्यमान हैं, जिनका मूर्तिमान रूप सोनगढ़ है जहाँ जैनधर्म की उज्जवल पताका फहरा रही है।

आप हमेशां आत्मरस के पान में लीन रहते हैं। आप समान आत्मरसिक का समागम पाकर आज हम अत्यन्त गौरवान्वित हैं।

**सत्पुरुष !**

इस भारत वसुन्धरा पर अनेक साधु-सन्त अवतरित हुए। उन्होंने संसार की नश्वरता और असारता को देखकर आत्मशोधन के मार्ग को अपनाया था। आत्मशोधन का सच्चा साधन रत्नत्रय है। आपने सांसारिक वैभव और ऐन्द्रियिक सुखों को तिलाञ्जलि देकर आजन्मब्रह्मचारी रहकर श्रीमद्कुन्दकुन्द स्वामी द्वारा रचित समयसार आदि ग्रन्थों के अध्ययन से अन्तर्दृष्टि प्राप्त कर मानव मात्र के कल्याण का प्रशस्त मार्ग दर्शाया है। आप की इस कल्याणकारिणी अन्तर्मुखी प्रवृत्ति की जितनी प्रशंसा की जाय, थोड़ी है।

**अध्यात्मयोगिन् !**

मोह-ममता के जाल से बचने के इच्छुक व्यक्तियों को आप हमेशां अपने आध्यात्मिक

प्रवचनो द्वारा आत्मतत्त्व के शुद्ध रूप का स्वाभाविक चित्र प्रस्तुत कर आत्मदर्शन की ओर प्रेरणा प्रदान करते हैं। आप अपनी उद्बोधक वाणी द्वारा भौतिक सुखों में निरत जनता से आत्मज्ञान की ओर झुकने के लिए उपदेश करते रहते हैं। आप के द्वारा की गई आत्मधर्म की सेवा और भारतीय संस्कृति की रक्षा धार्मिक जगत् में सदैव स्मरणीय रहेगी।

हम आप का अन्त:करण से अभिनन्दन करते हुए अपने भावों से गूथी हुयी पुष्पमाला को अभिनन्दन पत्र के रूप में समर्पित करते है और श्री १००८ जिनेन्द्रदेव से प्रार्थना करते हैं कि आप चिरायु रहकर जिनशासन की पताका फहराते रहें।

आरा ता: २६-२-५७ विनयावनत

दिगम्बर जैन समाज, आरा।

❉

।। श्री वीतरागाय नम: ।।

आध्यात्मिक सन्त आत्मार्थी सत्पुरुष श्री कानजी स्वामी

की सेवामें सादर समर्पित

# सम्मान-पत्र

**सम्माननीय!**

हमारा सौभाग्य है कि हम जिस महान व्यक्तित्व के पुण्य सम्पर्क की वर्षों से प्रतीक्षा कर रहे थे हमारी वह मनोकामना आज सफल हो गई। वर्तमान बीस तीर्थंकरों की निर्वाण-भूमि तीर्थराज श्री सम्मेदशिखर की वन्दना करने के पवित्र संकल्प को लेकर आप सौराष्ट्र से ५०० धार्मिक बन्धुओं के साथ मार्ग में आनेवाले सिद्धक्षेत्रों की वन्दना करते हुए यहां पधारे हैं। दो दिन से हमे आप अपनी लोक-कल्याणकारिणी अमृतमयी वाणी का रसास्वादन करा रहे है। आज इस मंगलवेला में मगध की प्राचीन नगरी राजगृही के आत्मज्ञान-पिपासु नागरिकों के समक्ष आपके प्रति बहुमान प्रकट करते हुए हम अपने को गौरवान्वित मानते है।

**आत्मार्थिन्!**

अनंत दु:खमय संसार की स्थिति का अवलोकन कर आपने उच्चत्तम तत्त्वज्ञान का अध्ययन एवं मनन किया और उसकी महत्ता से अन्य मुमुक्षु जनों को अवगत कराकर उनका पथ प्रदर्शन किया। इस विनाशकारी अणुयुग के भौतिक वातावरण के विरूद्ध आध्यात्मिकता का प्रसार कर आपने सहस्त्रों दिगभ्रांत मानवों का जीवन ही परिवर्तित कर दिया है। आपकी वीतरागप्रणीत निर्ग्रंथ मार्ग पर द्दढ़ श्रद्धा, आत्मार्थिता, गुणगरिमा, नि:स्पृहता कर्तव्यनिष्ठा और परोपकारपरायणता का मूर्तिमान रूप सोनगढ़ [ सौराष्ट्र ] है, जो आपही के कारण आज तीर्थस्थान बन गया है। समस्त सौराष्ट्र में आपने जैन धर्म का महान उद्योत कर दिया

हैं। आप समान परमोपकारी आत्मार्थी सत्पुरुष का समागम पाकर आज हम अतिशय गौरव का अनुभव कर रहे हैं।

सन्तप्रवर!

यह धर्मप्रधान भारतभूमि सदा से साधु एवं सन्त जनों को जन्म देती रही है। विभिन्न दर्शनों के सूत्रपात का स्थान भी यही है। किन्तु इहलौकिक और पारलौकिक कल्याण के हेतु सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यक् चारित्र तीनों ही आवश्यक है। साधुत्व एवं संतत्व की साधना में रत्नत्रय प्रमुख साधन है। आपने सांसारिक वैभव और इन्द्रिय-सुखों को तिलांजलि देकर आजन्म ब्रह्मचारी रहते हुए श्रीमद् कुन्दकुन्दस्वामी प्रभृति आचार्यों द्वारा प्रणीत विश्वभारती के अनुपम रत्न समयसार, प्रवचनसार आदि महान ग्रन्थों का गम्भीर अध्ययन कर अन्तर्दृष्टि प्राप्त की है। अनेक संकटों एवं बाधक परिस्थितियों को आह्वान करते हुए शान्ति और सहिष्णुतापूर्वक अपने निश्चित ध्येय एवं लक्ष्य की ओर अग्रसर बने हुए हैं। आपकी श्रद्धा, साहस और दृढ़ता की जितनी सराहना की जाय, थोडी है।

अध्यात्मयोगिन्!

मोह और ममता के पंक में निमग्न मानव समूह का हित बर्हिमुखी वृत्ति से हटकर अन्तर्मुख बनने में ही है। आप अपने अतिशय प्रभावक आध्यात्मिक प्रवचन द्वारा आत्मतत्त्व के निरूपाधिक शुद्ध स्वरूप का स्वाभाविक चित्र प्रस्तुत कर श्रोताओं को आत्मदर्शन की ओर प्रेरणा प्रदान करते हैं। अपनी उद्‌बोधक वाणी द्वारा आप भौतिक सुखों की लालसा में निमग्न जनता को आत्मज्ञान की ओर झुकने के लिये सदैव उपदेश करते रहते हैं। आपके द्वारा की गई भारतीय संस्कृति एवं आत्मधर्म की महान् सेवा भारत के धार्मिक इतिहास में चिरस्मरणीय रहेगी।

इस पावन प्रसंग पर उपस्थित हम मुमुक्षुजन परम पावन सिद्धक्षेत्र की पुण्यभूमि पर, जहांसे अनेकों गणधर एवं केवली मोक्ष पधारे हैं, जहां से श्री १००८ महावीर प्रभु ने विश्व को अहिंसा और सत्य का संदेश दिया और जहां की अतिशय युक्त पहाडियाँ एवं गर्म पानी के झरने निरंतर प्राचीन गौरवगाथा का संदेश दे रहे हैं, आपका अन्तःकरण से अभिनन्दन करते हुए अपने भावों की कुसुमांजलि इस सम्मान पत्र के द्वारा समर्पित करते है और शाश्वत विद्यमान श्री १००८ जिनेन्द्र भगवान श्री सीमंधरस्वामी से प्रार्थना करते हैं कि आपका सदुद्देश्य सफल हो और आप चिरायु रहकर विश्वहितकारी जिनशासन की पताका फहराते रहें।

श्री दिगम्बर जैन कोठी
राजगीर [ पटना ]
दिनांक २-३-१९५७

विनयावनत,
जैन समाज, राजगृह

# વિકલ્પના અભાવરૂપ પરિણમન ક્યારે થાય ?

ઘણા જીવો વિકલ્પનો અભાવ કરવા માગે છે અને સ્થૂળ વિકલ્પો ઓછા થતાં એમ માને છે કે વિકલ્પનો અભાવ થયો. પણ ખરેખર વિકલ્પનો અભાવ કરવા ઉપર જેનું લક્ષ છે તેને વિકલ્પનો અભાવ થતો નથી, પરંતુ જેનામાં વિકલ્પનો અભાવ જ છે એવા શુદ્ધ ચૈતન્યને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકલ્પનો અભાવ થઈ જાય છે. હું આ વિકલ્પનો નિષેધ કરું–એમ વિકલ્પનો નિષેધ કરવા તરફ જેનું લક્ષ છે તેનું લક્ષ શુદ્ધ આત્મા તરફ વળ્યું નથી પણ વિકલ્પ તરફ વળ્યું છે, એટલે તેમાં તો વિકલ્પની ઉત્પત્તિ જ થાય છે. શુદ્ધ આત્મ દ્રવ્ય તરફ વળવું તે જ વિકલ્પના અભાવની રીત છે. ઉપયોગનું વલણ અંતર્મુખ સ્વભાવ તરફ વળતાં વિકલ્પ તરફનું વલણ છૂટી જાય છે.

'વિકલ્પનો નિષેધ કરું' એવા લક્ષથી વિકલ્પનો નિષેધ થતો નથી પણ વિકલ્પની ઉત્પત્તિ થાય છે. કેમ કે, 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું' એવું લક્ષ કર્યું ત્યાં તો વિકલ્પના અસ્તિત્વ ઉપર જોર ગયું પણ વિકલ્પના અભાવરૂપ સ્વભાવ તો દ્રષ્ટિમાં ન આવ્યો, એટલે ત્યાં માત્ર વિકલ્પનું ઉત્થાન જ થાય છે. 'આ વિકલ્પ છે અને તેનો નિષેધ કરું'–એમ વિકલ્પના અસ્તિત્વ સામે જોતાં તેનો નિષેધ નહિ થાય. પણ 'હું જ્ઞાયક સ્વભાવ છું' એમ સ્વભાવના અસ્તિત્વની સામે જોતાં વિકલ્પના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. પહેલાં આત્મસ્વભાવનું શ્રવણ–મનન કરીને તેને લક્ષમાં લીધો હોય, અને તેનો મહિમા જાણ્યો હોય તો તેમાં અંતમુર્ખ થઈને વિકલ્પનો અભાવ કરે. પણ આત્મસ્વભાવનો મહિમા લક્ષમાં લીધા વિના કોના અસ્તિત્વમાં ઊભો રહીને વિકલ્પનો અભાવ કરશે! વિકલ્પનો અભાવ કરવો તે પણ ઉપચારનું કથન છે, ખરેખર વિકલ્પનો અભાવ કરવો નથી પડતો; પણ અંતરસ્વભાવ સન્મુખ જે પરિણતિ થઈ તે પરિણતિ પોતે વિકલ્પના અભાવ સ્વરૂપ છે, તેનામાં વિકલ્પ છે જ નહિ તો કોનો અભાવ કરવો? વિકલ્પની ઉત્પત્તિ થઈ તે અપેક્ષાએ વિકલ્પનો અભાવ કર્યો એમ કહેવાય; પણ તે સમયે વિકલ્પ હતો અને તેનો અભાવ કર્યો છે–એમ નથી.

એક તરફ ત્રિકાળ ધ્રુવ જ્ઞાન સ્વભાવનું અસ્તિત્વ છે ને બીજી તરફ ક્ષણિક વિકલ્પનું અસ્તિત્વ છે; ત્યાં ધ્રુવ જ્ઞાયક સ્વભાવમાં વિકલ્પનો અભાવ છે. તે જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લઈને એકાગ્ર થતાં વિકારના અભાવરૂપ પરિણમન થઈ જાય છે. ત્યાં 'હું જ્ઞાયક છું ને વિકાર નથી' એમ બે પડખાં ઉપર લક્ષ નથી હોતું પણ 'હું જ્ઞાયક' એમ અસ્તિ સ્વભાવને લક્ષમાં લઇને તેનું અવલંબન કરતાં વિકારનું અવલંબન છૂટી જાય છે. સ્વભાવની અસ્તિરૂપ પરિણમન થતાં વિકારની નાસ્તિરૂપ પરિણમન પણ થઈ જાય છે, સ્વભાવમાં પરિણમેલું જ્ઞાન પોતે વિકારના અભાવરૂપ પરિણમેલું છે. તેને સ્વભાવની અસ્તિ અપેક્ષાએ 'સમ્યક્ એકાંત' કહેવાય, અને સ્વભાવની અસ્તિમાં વિકારની નાસ્તિ છે–એમ અપેક્ષાએ તેને જ 'સમ્યક્ અનેકાન્ત' કહેવાય. સ્વભાવની અસ્તિને લક્ષમાં લીધા વગર (–સમ્યક્ એકાંત વગર) એકલી વિકારની નાસ્તિને લક્ષમાં લેવા જાય તો ત્યાં 'મિથ્યા એકાંત' થઈ જાય છે અર્થાત્ તેને પર્યાય બુદ્ધિથી વિકારના નિષેધરૂપ વિકલ્પમાં એકત્વબુદ્ધિ થઇ જાય છે પણ વિકલ્પના અભાવરૂપ પરિણમન થતું નથી. આથી આત્મસ્વભાવનું એકનું જ સારી રીતે અવલંબન કરવું તે જ વિકલ્પના અભાવરૂપ પરિણમનની રીત છે.

ચર્ચા ઉપરથી :
અષાઢ વદ ૩ વીર સંઃ ૨૪૭૭

卐

# હે જીવ ! તું આનંદનો ભોક્તા બન !

પોતાના સ્વભાવમાં અતંર્મુખ થઈને આનંદને ભોગવવાનો આત્માનો સ્વભાવ છે, પણ હર્ષ કે શોકરૂપ વિકારને ભોગવવાનો આત્માનો સ્વભાવ નથી. જરાક પ્રતિકૂળતા આવે કે ચિંતા થાય ત્યાં તો, અરેરે! મારો આત્મા ચિંતાના ગંજથી ઘેરાઈ ગયો–એમ અજ્ઞાનીને લાગે છે.....તેને જ્ઞાનીઓ કહે છે કે–અરે ભાઈ! ચિંતાથી ઘેરાઈ જાય એવો તારા આત્માનો સ્વભાવ નથી. તારા આત્માનો એવો અભોક્તા સ્વભાવ છે કે ચિંતાના પરિણામને તે ન ભોગવે.....માટે તું મુંઝા નહીં.....ચિંતાના અભોક્તા એવા તારા જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લે. જ્ઞાનસ્વભાવના લક્ષે તને જ્ઞાતા પરિણામના અનાકુળ આનંદનું વેદન થશે, તે આનંદના જ ભોક્તા થવાનો તારો સ્વભાવ છે. જ્ઞાનીનેય કોઈ વાર ચિંતા–પરિણામ થાય, પણ આવા આનંદ–સ્વભાવના વેદનની અધિકતામાં તેમને ચિંતાની અધિકતા કદી થતી નથી એટલે તેમને મૂંઝવણ થતી નથી, શંકા થતી નથી; માટે ખરેખર તે જ્ઞાની ચિંતાના કે હર્ષના ભોક્તા નથી, તેનું ભોક્તાપણું તેમને વિરમી ગયું છે; તેમને તો આનંદનું જ ભોક્તાપણું છે. આમ સમજીને હે જીવ! તું પણ અંતર્મુખ થઈને આનંદનો ભોક્તા બન.

# લક્ષપૂર્વક પક્ષ

એકલો શાંત નિર્દોષ જ્ઞાનસ્વરૂપી આત્મા છે તેની દ્રષ્ટિ વગર બીજા લાખ પ્રકારે પણ કલ્યાણ થતું નથી.

જેનાથી કલ્યાણ થાય છે એવા પોતાના આત્મસ્વભાવનું લક્ષ કરીને તેનો પક્ષ જીવે કદી કર્યો નથી.....અને જેના આશ્રયે કલ્યાણ નથી એવા રાગાદિ વ્યવહારનો પક્ષ કદી છોડયો નથી.

માટે સંતો કહે છે કે–

હે ભવ્ય! જો તારે તારું હિત કરવું હોય તો એ વ્યવહારનો પક્ષ છોડી દે.....ને તારા આત્મસ્વભાવને લક્ષમાં લઈને તેનો પક્ષ કર.....તેના આશ્રયે તારું કલ્યાણ થશે.

આત્માર્થીને તો આ સાંભળતા જ અંદર આત્માનો મહિમા ગરી જાય કે અહો! મારે આવી ચૈતન્ય વસ્તુનું અવલંબન જ કરવા જેવું છે.....અંતરમાં આવું લક્ષ બંધાઈ જાય–એટલે કે જ્ઞાનના નિર્ણયમાં એક જ પ્રકાર આવી જાય કે અહા! આ એક જ મારું અવલંબન છે. જ્યાં અંતરના લક્ષપૂર્વક આવો પક્ષ થાય ત્યાં પ્રયત્નની દિશા સ્વભાવ તરફ વળ્યા વિના રહે જ નહિ.....એટલે કે આત્માના આશ્રયે અલ્પકાળમાં તેને સમ્યગ્દર્શન થાય જ.

(સ. ગા. ૧૧ ઉપરના પ્રવચનમાંથી)

**મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર (સૌરાષ્ટ્ર)**
**પ્રકાશક : સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી હરિલાલ દેવચંદ શેઠ-ભાવનગર (સૌરાષ્ટ્ર)**